માત્ર અંગત વિતરણ માટે જ

વર્ષ ૪, અંક ૬ નવેમ્બર ૨૦૧૧

શ્રી રામચંદ્ર મિશન

India ECHOES
ONE WORLD ONE HUMANITY





# પૂ.માસ્ટરના ઉત્તરાધિકારીની નિમણૂક

કોલકાતા, ૩જી ઑક્ટોબર, ૨૦૧૧

## પૂ.માસ્ટરનું કાર્યકારી સમિતિ અને કેટલાંક આમંત્રિતોને આપેલું વકતવ્ય

જેમ મેં કહ્યું તેમ, આજે હું મારા ઉત્તરાધિકારીની નિમણૂક કરવા ઈચ્છું છું – નામની રજૂઆત અને નિમણૂક – કારણકે હવે મને પંચ્યાસીમું વર્ષ ચાલી રહ્યું છે અને આ બધી સમયની વાત છે, જે તમે બધા સમજી શકશો. આ અંગે પૂ.બાબુજી મહારાજના આશીર્વાદ મળી ચૂક્યા છે અને મને સૂચના આપવામાં આવી છે કે તે નિમણૂકને યોગ્ય સમયે ઉપયોગમાં લઈ શકાય, તે રીતે માત્ર ખાનગી દસ્તાવેજ તરીકે ન રાખતાં, તેની સાર્વજનિક જાહેરાત થવી જોઈએ કે જેથી લોકો તે વ્યક્તિથી ટેવાય અને તે હકીકતને ધીરે ધીરે આત્મસાત કરે કે તે ઉત્તરાધિકારી છે; જ્યારે સમય આવે, ત્યારે કોઈ એકાએક બદલાયેલી પરિસ્થિતિને અનુરૂપ થઈ શકે, જે મારા માનવા મુજબ ડહાપણ ભરેલું છે. મેં તે દસ્તાવેજ અગાઉથી લખી દીધો છે અને હવે પછી કોઈને તે વાંચવા માટે હું કોઈકને વિનંતી કરીશ.

જે વ્યક્તિના ખભા પર આ જવાબદારીઓનો ભાર પડવાનો છે, તેને ખૂબ જ શાણપણની, ખૂબ જ ધીરજની, ખૂબ જ પ્રેમની, અને બીજી કોઈ પણ વસ્તુ કરતા વિશેષ, કાંઈ પણ કરતા પહેલાં ખૂબ જ વિચારવાની જરૂરિયાત રહેશે. સમાન્યતઃ આપણને કહેવામાં આવતું હોય છે કે ''કૂદકો મારતા પહેલાં વિચારો'' અથવા ''કાંઈ પણ કરતાં પહેલા બે વાર વિચારો'' પણ મારું માનવું છે કે સહજ માર્ગમાં બે કરતાં ઘણી બધી વાર વિચારવાની જરૂર છે અને સૌથી વધારે તો જ્યારે આપણે નાણાં ખર્ચીએ, ત્યારે તે હકીકતે આપણે સૌથી વધારે સવધાન રહેવાની જરૂર છે કે આપણે સાર્વજનિક કલ્યાણ માટે આપણને સોંપવામાં આવેલી લોકોની મૂડીને ખર્ચી રહ્યા છીએ. હું જેના નામની ઘોષણા કરવાનો છું, તેનામાં જો આ બધી ખાસિયતો ન હોય, તો તેણે વિકસાવવી પડશે. આંતરિક નીડરતા, બાહ્ય મૈત્રીભાવ અને ભ્રાતૃભાવ. અને તેણે એ ઉપદેશને પણ અનુસરવો પડશે કે જે બાબુજીએ મને આપ્યો હતો અને જેનું મેં મારી આખી જિંદગી પર્યંત પાલન કર્યું છે; તે ઉપદેશ એ છે કે કોઈનો પણ વિશ્વાસ કરવો નહીં; તથા કોઈનો અવિશ્વાસ પણ કરવો નહીં; કાર્ય માટે પસંદ કરેલી વ્યક્તિઓને માત્ર તેમના કાર્યો વડે મૂલવવી. કોઈ પણ પ્રકારનો પૂર્વાગ્રહ નહીં, કોઈ પણ જાતિ, જ્ઞાતિ, ધર્મ, સ્ત્રી, પુરૂષ, સમાજ, ભાષા માટે પૂર્વાગ્રહ નહીં, કોઈ જ નહીં.

જેણે આ ભાર સંભાળવાનો છે, તેણે આ બહુ જ ચોક્કસપણે સમજવું પડશે. પૂ.ગુરુજી તેને દીર્ઘાયુ આપે તેમજ સ્વાસ્થ્ય, તાકાત અને હિંમત બક્ષે, જેની તેને ખૂબ જરૂર પડશે કારણકે જ્યારે મને મિશન વારસામાં મળ્યું હતું, ત્યારે તે ખૂબ જ નાનું હતું અને મારા ગયા પછી જે વ્યક્તિ મિશનને મારી પાસેથી વારસામાં મેળવશે, તેને સંભાળવા માટે તે ખૂબ જ મોટું, વિશ્વભરમાં ફેલાયેલું મિશન હશે. મિશન હજી વિકસી રહ્યું છે અને જો બાબુજીના સંદેશાઓનું યોગ્ય મૂલ્યાંકન કરીએ, તો તે વિકસવાનું ચાલુ રહેશે. આ વિકાસ કરતો તબક્કો છે. તે કેટલો લાંબો હશે, તેની મને ખબર નથી. તે બધું દિવ્ય આયોજન ઉપર આધાર રાખે છે.

તો, જે વ્યક્તિનું નામ હું મારા ઉત્તરાધિકારી તરીકે આપી રહ્યો છું, તેઓ છે, શ્રી કમલેશ પટેલ.

...હવે, હું આપણા બધા વિશ્વભરના અભ્યાસીઓને વિનંતી કરું છું કે નિમણૂક પામેલા ઉત્તરાધિકારીને, કોઈ પણ પ્રકારના પૂર્વાગ્રહ વિના સંપૂર્ણ સહકાર આપવો. તેમને તેમના કાર્યો દ્વારા મૂલવશો. તેઓ અત્યાર સુધી કેવા હતા, કે તમે તેમને કેવા હોવા ઈચ્છો છો, તે પરથી તેમને મૂલવતા નહીં; પણ તેઓ શું છે, તેઓ શું હશે અને તેઓ શું કરશે, તેના દ્વારા મૂલવજો. મિશનના સ્વાસ્થ્ય માટે, તેના ભવિષ્યના વિકાસ માટે આ અતિ આવશ્યક છે. તેના બીજા અર્થમાં એ છે કે તેઓ આ મિશન થકી તમને ત્યારે જ સેવાઓ આપી શકશે કે જ્યારે તેઓ તમારો સંપૂર્ણ, હૃદયપૂર્વકનો સહકાર મેળવશે અને આ માટે હું તમને સૌને વિનંતી કરું છું.

તમને સૌને આશીર્વાદ પ્રાપ્ત થાઓ.

## પૂ.માસ્ટરની યાત્રા

### દિલ્હી, ૧૬-૧૮ ઑગસ્ટ, ૨૦૧૧




અભ્યાસીઓના આનંદ વચ્ચે, પૂ.માસ્ટરનું ૧૬મી ઑગસ્ટે ચેન્નાઈથી હવાઈ માર્ગે સાજનાં આશરે ૫:૩૦ વાગે દિલ્હીમાં આગમન થયું. હવાઈ મથક ઉપર લગભગ સો જેટલા અભ્યાસીઓ દ્વારા તેમનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું. પૂ.માસ્ટર આનંદમાં અને ખુશમિજાજમાં હતા, અને તેમની મુસાફરી કેવી રહી તેવું પૂછાતા, તેમણે હસતા હસતા ટિપ્પણી કરી, "મુસાફરીને સંસ્કારોની જેમ વેઠવી પડે છે." કારની ટૂંકી સહેલ બાદ, માસ્ટરનું એક અભ્યાસી ભાઈને ઘરે આગમન થયું અને ઉપસ્થિત રહેલા સર્વ અભ્યાસીઓ માટે તેમણે સત્સંગ કરાવ્યો. સંપૂર્ણ સાંજ દરમિયાન તેઓ આનંદમાં હતા. રાત્રી ભોજન બાદ, જ્યારે તેમને સમાચાર મળ્યા કે બાબુજીની પૌત્રીએ દિકરીને જન્મ આપ્યો છે, ત્યારે તેમણે કહ્યું કે ચેન્નાઈથી દિલ્હીની ઉડાન દરમિયાન તેમને એવું લાગ્યું હતું અને પોતાના પ્રિય ગુરુજીની પ્રપૌત્રી માટે તેમને "દેવીચાની" નામનો વિચાર આવ્યો હતો.

તે પછીના દિવસે, પૂ.માસ્ટરે, સવારે સત્સંગ કરાવ્યો અને ત્યાર પછીનો દિવસ દિલ્હીમાં આશ્રમની મિલકતના પ્રથમ ચરણની નોંધણીમાં વીત્યો હતો. તેમણે હાજર રહેલ દરેકની સાથે પ્રેમપૂર્વક વાતચીત કરી હતી અને નોંધણી પછી પ્રસાદ વ્હેંચ્યો હતો. તેમણે સાંજે લગભગ ૬:૩૦ કલાકે સત્સંગ કરાવ્યો. રાત્રી ભોજન બાદ, તેમણે તેમની સદાબહાર વિનોદવૃત્તિ અને શાણપણથી સૌને હસતા રાખ્યા અને તેઓ જ્યારે ટી.ટી.કે. જૂથ સાથે કાર્ય કરતા હતા, તે સમયની વાતો કરી. વાતચીત દરમિયાન માસ્ટરે અભિપ્રાય આપ્યો કે, "પ્રેમની જેમ, પ્રમાણિકતા પણ એકમાર્ગીય રસ્તો છે અને પ્રમાણિકતાની બક્ષિસ, પ્રમાણિક રહેવાની ક્ષમતા જ ખુદ છે."

૧૮મી ઑગસ્ટના રોજ, માસ્ટરે કેટલાંક અભ્યાસીઓ સાથે વાતચીત કરી અને પછી તેઓ સાંજના હૈદરાબાદ જવા રવાના થયા.

### હૈદરાબાદ, ૧૮-૨૩મી ઑગસ્ટ

આગમનની સાથે જ, પૂ.માસ્ટર કાન્હા શાંતિ વનમ પ્રોજેક્ટ માટે નોંધણીની ઔપચારિકતાના અમલ માટે ગાચીબોવલી ગયા. ભાઈ શ્રીનિવાસ રાવ કાશમ્પુકર, જેઓ માસ્ટરથી ચાર વર્ષ મોટા છે અને માસ્ટરના પ્રશિક્ષક બન્યા બાદ અભ્યાસ શરૂ કરનાર સૌ પ્રથમ અભ્યાસી હતા, તેમને જોઈને તેઓ ખુશ થઈ ગયા. માસ્ટરની તેમની સાથેની વાતચીત ખૂબ જ પ્રેમાળ રહી. રાત્રી ભોજન બાદ, બાળકો ડાઈનીંગ ટેબલ પાસે એકત્રિત થયા અને તેમના માસ્ટર તાતા સાથે રમૂજની આપ લે કરી. માસ્ટરે પણ પ્રતિસાદમાં થોડી રમૂજ કરી.



૧૯મી ઑગસ્ટના રોજ, સવારના સત્સંગ બાદ, માસ્ટર કાન્હા પ્રોજેક્ટ ટીમને મળ્યા અને દસ્તાવેજોની સમાલોચના કરી. સવારના નાસ્તા બાદ, તેમણે હાજર રહેલા સૌ સાથે વાતચીત કરી અને એક બહેનને પૂછ્યું કે તેણી આગળના દિવસે ક્યાં હતી, તો તેણીએ જવાબ આપ્યો કે તેણી સારા 'મુડ'માં ન હતી. માસ્ટરે તેણીને પૂછ્યું કે શું તેણી તેમની સાથે ગુસ્સે થયેલી છે? તેમણે કહ્યું કે બાબુજીએ કહ્યું હતું કે તમે તમારા પતિ, પત્ની, પુત્ર કે પુત્રી પ્રત્યે ગુસ્સે ન થઈ શકો, પણ તમે તમારા ગુરુ સાથે ગુસ્સે થઈ શકો છો કારણકે માત્ર તે જ એવો ગુસ્સો છે કે જેનો કોઈ પ્રત્યાઘાત નથી.

૨૦મી ઑગસ્ટના રોજ, સવારના નાસ્તા પછી, માસ્ટર કાન્હા શાંતિ વનમ જવા નિકળ્યા. જમીન ચોખ્ખી કરવામાં આવી હતી અને તેને ફરતી વાડ ઊભી કરવામાં આવી હતી અને પપૈયા, મકાઈ અને ડાંગર ઉગાડવામાં આવ્યા હતા. એક વૃક્ષની આજુબાજુ એક નાની કુટિર બાંધવામાં આવી હતી. માસ્ટર બહારની બાજુએ બેઠા અને જમીનના નકશાની સમાલોચના કરી. માસ્ટરે સ્થળ ઉપર પહેલો સત્સંગ કરાવ્યો અને તે પછીના રવિવારથી નિયમિત સત્સંગ માટે પરવાનગી આપી. તેઓ મિલકત પર ચારેબાજુ ફર્યા અને જે રીતે તેની જાળવણી થઈ રહી છે, તેની કદર કરી. તે પછી, તેઓ ભાઈ મધુ કોથમપલ્લીના ઘરે બપોરના ભોજન અને આરામ માટે પાછા ફર્યા.

પૂ.માસ્ટર આશ્રમ જવા માટે ખૂબ જ બેચેન હતા અને સાંજે ૩:૩૦ વાગે આશ્રમ જવા નીકળ્યા અને સાંજે ૬ વાગે ઝોનલ આશ્રમ પહોંચ્યા, ત્યારે લગભગ ૪૦૦૦ અભ્યાસીઓએ આનંદવિભોર થઈને તેમનું સ્વાગત કર્યું. જ્યારે કોઈએ શિસ્ત ઉપર ટિપ્પણી કરી, ત્યારે માસ્ટરે હસતા હસતા કહ્યું કે આ સ્થિતિ ઉપર આવતા ઘણો સમય થઈ ગયો છે. જ્યારે તેઓ ઢાળ ચઢી રહ્યા હતા, ત્યારે બાળકોએ બૂમો પાડીને તેમનું અભિવાદન કર્યું. માસ્ટરે પાછળ જોઈને તેમને સહજ માર્ગ આપણને શાંતિ રાખવા શીખવે છે, તે યાદ રાખવા જણાવ્યું.

૨૧મી ઑગસ્ટના રોજ, માસ્ટરે ખીચોખીચ ભરેલા ખંડમાં સવારે અને સાંજે સત્સંગ કરાવ્યો. સાંજે બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને કથક નૃત્ય રજૂ કરવામાં આવ્યા.

૨૨મી ઑગસ્ટના રોજ, સવારે ૭:૩૦ વાગે સત્સંગ બાદ





ભજનો ગવાયા. એક બહેને માસ્ટરને પ્રાર્થના કરવાની સાચી રીત વિષે પૂછ્યુ હતું, તો તેનો જવાબ આપતા તેમણે કહ્યું કે, ‘‘તમે જે વ્યક્તિને માટે પ્રાર્થના કરવા ઈચ્છતા હો, તેને નાના બાળકની જેમ તમારા હાથમાં પકડી રાખો અને તે વ્યક્તિને માસ્ટરની સમક્ષ મૂકીને માત્ર કહો, ‘‘આ વ્યક્તિની સંભાળ રાખશો.’’ આપણે સહજ માર્ગમાં આ રીતે પ્રાર્થના કરીએ છીએ. સાંજના સત્સંગ પછી બહેન સૌમ્યાનો નૃત્યનો કાર્યક્રમ હતો.

૨૩મીના રોજ, જ્યારે માસ્ટર હવાઈ મથક ઉપર જવા નીકળ્યા, ત્યારે એક અભ્યાસીએ તેમને પૂછ્યું કે ખાલી માત્ર જમીનની નોંધણી માટે તેમણે મુસાફરી કરવી શું ખરેખર જરૂરી હતી કારણકે આ કરવા માટે કોઈને પણ અધિકૃત કરી શકાયું હોત. પૂ.માસ્ટરે કહ્યું કે તેઓ એટલા માટે આવ્યા હતા કે તેઓ બધાને મળવા ઈચ્છતા હતા.

## દિલ્હી, ૨૩-૩૦મી ઑગસ્ટ ૨૦૧૧

૨૩મીની સાંજે પૂ.માસ્ટર દિલ્હી પાછા ફર્યા. હવાઈમથક ઉપર અભ્યાસીઓ દ્વારા તેમનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું અને તેઓ હંમેશ મુજબ ખુશમિજાજમાં હતા. પૂ.માસ્ટરની હાજરીમાં દિવસો આમ જ પસાર થઈ ગયા અને કોઈ ભાગ્યે જ સમય પસાર થતો અનુભવી શક્યું. જે લોકો માસ્ટરની આસપાસ હતા, તેમણે જોયું કે પૂ.માસ્ટર તેમના કાર્યાલયમાં અથાક પરિશ્રમ કરતા હતા, અભ્યાસીઓ સાથે વાતચીત કરતા હતા, સત્સંગ કરાવતા હતા, આધ્યાત્મિક સંપત્તિને વહેંચતા હતા, તેમના ગુરુજીના સંદેશાઓને આપતા હતા અને સૌ પર તેમની કૃપા વરસાવતા હતા.

૨૭મી ઑગસ્ટના રોજ, માસ્ટર ગુરગાંવ આશ્રમ જવા નીકળ્યા અને બીજા દિવસે સવારે અભ્યાસીઓના મોટા જૂથને સત્સંગ કરાવ્યો. ત્યાર પછી તેમણે અભ્યાસીઓને મળવામાં સમય વીતાવ્યો અને અર્ધા ડઝન કરતા વધારે શિશુઓનું નામકરણ કર્યું અને દિવસના પછી તેઓ શહેરમાં પાછા ફર્યા.

૨૯મી ઑગસ્ટના રોજ, પૂ.માસ્ટર નવી દિલ્હીના નવા આશ્રમના બીજા ચરણની નોંધણી માટે ગયા. માસ્ટરનો કામ કરવાનો ઉત્સાહ અને આનંદ સ્પષ્ટપણે જોઈ શકાતો હતો. ઘરે પાછા ફર્યા બાદ એક ભાઈએ ઉલ્લેખ કર્યો કે નોંધણીનું આ ચરણ પૂર્ણ થતા તેઓ ખુશી અનુભવતા હશે. તેનો તેમણે હસતા હસતા જવાબ આપ્યો, ’’આ ભવિષ્ય માટે છે, પણ વર્તમાન માટે મારે ઘણું કરવાનું છે.’’ અને તરત જ હાજર રહેલા સૌને સત્સંગ કરાવ્યો.

## ચેન્નાઈ, ૩૦મી ઑગસ્ટથી ૩૦મી સપ્ટેમ્બર

પૂ.માસ્ટર ૩૦મી ઑગસ્ટે દિલ્હીથી ચેન્નાઈ આવ્યા. ૩૧મીની સવારે કુટિરમાં એકત્રિત થયેલા અભ્યાસીઓને તેમણે સત્સંગ કરાવ્યો. સત્સંગ પછી મોટા ભાગે તરત જ એક અભ્યાસી યુગલે રમજાન ચાલતો હોવાથી સિટીંગની માગણી કરી. માસ્ટરે કહ્યું કે તેમણે હમણાં જ સીટીંગ આપ્યું હતું અને તેઓ થાક અનુભવી રહ્યા હતા. પછી તેઓ થોડી વાર થોભ્યા અને કહ્યું કે તેઓ તેમને પાંચ મિનીટમાં સિટીંગ આપશે. આ બતાવે છે કે માસ્ટર પોતાની વ્યક્તિગત અગવડની કોઈ પણ પરવા કર્યા વિના અભ્યાસીની વિનંતીઓને પરિપૂર્ણ કરે છે.

આખા સપ્ટેમ્બર મહિના દરમિયાન, પૂ.માસ્ટર ચેન્નાઈમાં, મોટા ભાગે મણપાક્કમ ખાતે રહ્યા. તેઓ સાંજે થોડું ફરવાનો, તેમના શયનકક્ષથી નીકળી, તેમની કુટિરના પાછળના ભાગમાં થઈને અને પાછી કુટિરના આગળના ભાગમાં બેસવાનો તેમનો રોજનો નિત્યક્રમ અનુસરતા હતા. ૧૬મી સપ્ટેમ્બરે સવારે સાત વાગે પૂ.માસ્ટરે નવા પુસ્તકાલયનું ઉદઘાટન કર્યું, જે હવે ઉપયોગમાં લેવાઈ રહ્યું છે. પુસ્તકાલયના સ્વયંસેવકોને તેમણે પ્રસાદ આપ્યો. ૨૫મી સપ્ટેમ્બરના રોજ,’’ગાર્ડન ઓફ હાર્ટ્સ’’થી આવેલા અભ્યાસીઓએ માસ્ટરને તેમના ભોંયરામાં રાત્રી ભોજન માટે આમંત્રિત કર્યા હતા. ત્યાં ભેગા થયેલા અભ્યાસીઓને માસ્ટરે પ્રવચન આપ્યું, મુખ્યત્વે માતા-પિતાઓને સંબોધતા તેમણે કહ્યું હતું કે બાળકોનો ઉછેર કેવી રીતે કરવો. આ પ્રવચન મિશનની વેબ સાઈટ ઉપર ઉપલબ્ધ થશે.



વર્ષ ૪, અંક ૬ નવેમ્બર ૨૦૧૧
શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર





## કોલકાતા, ૩૦મી સપ્ટેમ્બરથી ૮મી ઑક્ટોબર, ૨૦૧૧

૩૦મી સપ્ટેમ્બરે સાંજે ૩:૪૦ વાગે માસ્ટર કોલકાતા આવી પહોંચ્યા. બધા અભ્યાસીઓ દ્વારા ઉષ્મા અને પ્રેમ સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું. સૌ અભ્યાસીઓ તેમના કોલકાતા આવવા માટે છેલ્લા દોઢ વર્ષથી તલસતા હતા. ૩જી ઑક્ટોબર સુધીમાં આશરે ૧૫૦૦ જેટલા અભ્યાસીઓ આશ્રમ ખાતે એકત્રિત થયા હતા. માસ્ટરે ૧લી અને ૨જી ઑક્ટોબરના રોજ સત્સંગ કરાવ્યો.

તેમની મુલાકાતની સાથોસાથ પૂર્વીય ક્ષેત્ર માટે જી.એસ.ટી.ના પરિચય માટેના પરિસંવાદનું ૧લી અને ૨જી ઑક્ટોબરના રોજ સંચાલન કરવામાં આવ્યું હતું, જેમાં બધા જ સી.આઈ.સી અને ઝેડ.આઈ.સી.ને અને થોડા પ્રશિક્ષકોને સામેલ કરવામાં આવ્યા હતા. કાર્યકારી ઉપરી દ્વારા સહભાગીઓ માટે જી.એસ.ટીના વિવિધ કાર્યો વિષેની રૂપરેખા આપવામાં આવી.

૨જી ઑક્ટોબરની સાંજે, બાળકોએ કવ્વાલી તથા બહેનોએ ગરબા નૃત્ય રજૂ કર્યા. માસ્ટરે કાર્યક્રમને માણ્યો અને સમૂહ તસવીર માટે સહમત પણ થયા. તેમણે બધા અભ્યાસીઓ સાથે ભોજન ખંડમાં રાત્રી ભોજન કરવા માટે રસોડાની ટીમનું આમંત્રણ સ્વીકાર્યું. આ બધા ઉપસ્થિત અભ્યાસીઓ માટે એક આહલાદક અને યાદગાર સાંજ હતી.

૩જી ઑક્ટોબરની સવારે, કાર્યકારી સમિતિની બેઠકની કાર્યવાહીનું સંચાલન ખુદ માસ્ટરે જાતે કર્યું. બેઠક બાદ, તેમણે ભાઈ કમલેશ ડી પટેલને તેમના આધ્યાત્મિક ઉત્તરાધિકારી તરીકે અને તેમના જીવનકાળ બાદ મિશનના પ્રમુખ તરીકેના નિમણૂકની જાહેરાત કરી. તેમણે તરત જ બધા કેંન્દ્રોને અને દુનિયાભરના અભ્યાસીઓને તાત્કાલિક સમાચાર મોકલવા એક વિડીયો સંદેશ તૈયાર કરાવ્યો. સાંજના ૫ વાગે માસ્ટરે સત્સંગ કરાવ્યો અને તેમના ઉત્તરાધિકારીની નિમણૂકની જાહેરાત કરી અને હાજર રહેલા અભ્યાસીઓને ભાઈ કમલેશ પટેલની ઓળખાણ કરાવી.

માસ્ટર ભાઈ અજય ભટ્ટરને ઘરે જવા નીકળી ગયા હોવાથી, ૫મીની સવારે, ભાઈ કમલેશ પટેલે સત્સંગનું સંચાલન કર્યું અને ત્યાર બાદ સાધનાની અગત્યતા ઉપર પ્રવચન આપ્યું. માસ્ટર અજય ભટ્ટરને ઘરે ૮મી ઑક્ટોબર સુધી રહ્યા અને પછી ગૌહાતી જવા રવાના થયા.

## ગૌહાતી, ૮–૧૦મી ઑક્ટોબર, ૨૦૧૧

ભારતના ઉત્તર–પૂર્વ ભાગના લોકો ઘણા લાંબા સમયથી આ દિવસની રાહ જોતા હતા. કારણકે માસ્ટર ૧૮ વર્ષના અંતરાલ બાદ ગૌહાતી આવ્યા હતા. ૯મી ઑક્ટોબરનો દિવસ માસ્ટરે ઝોનલ આશ્રમના સ્થળે વિતાવ્યો, જે શહેરથી ૨૫ કિલોમીટર દૂર આવેલો છે અને તે હરિયાળી અને પર્વતોથી ઘેરાયેલો છે. પારંપરિક બીહુ નૃત્યથી માસ્ટરનું સ્વાગત કરવામાં આવ્યું.

સત્સંગ બાદ ભારતના ઉત્તર–પૂર્વના સાત રાજ્યોની પારંપરિક પ્રણાલિમાં માસ્ટરનું સ્વાગત કરવામાં આવ્યું. તેમના વકતવ્યમાં, તેમણે સાત રાજ્યોની સુંદરતાને અગ્રતા આપી અને સંગીતના સાત સ્વરોની સાથે સરખાવી. તેમણે કહ્યું કે માત્ર એક સૂર સંગીત રચી શકે નહીં. સાત સ્વરમાંનો દરેક અગત્યનો છે. આપણે બધા અલગ અલગ રાજ્યો, સંસ્કૃતિઓ અને ભાષાઓ ધરાવીએ છીએ, એ હકીકત હોવા છતાં, આપણા બધાનું લક્ષ્ય એક જ છે અને તેથી આપણા બધામાં એકત્વની લાગણી હોવી જોઈએ.

સત્સંગ બાદ માસ્ટરે નોંધણીની ઔપચારિકતાઓ પૂરી કરી. સાંજના સત્સંગ બાદ, તેમણે ઝોનલ આશ્રમને "જ્યોતિ" નામ આપ્યું અને સૂચના આપી કે દરેક રવિવારે ત્યાં સત્સંગ કરવામાં આવે.

૧૦મીની સવારે, માસ્ટરે ગૌહાતી શહેરના આશ્રમના ધ્યાન ખંડનું ઉદઘાટન કર્યું. તેમણે સત્સંગનું સંચાલન કર્યું અને સંમેલનને સંબોધતા કહ્યું, સાધના જીવનની રીત છે, તે જિંદગીના શ્વાસોચ્છવાસ જેવી છે. જેમ ભૌતિક શરીરને ટકાવી રાખવા ખોરાકની જરૂર છે, તેમ પ્રાણાહુતિ આધ્યાત્મિક શરીરનો ખોરાક છે.જો આધ્યાત્મિક શરીરની સંભાળ લેવામાં ન આવે, તો આત્મા મરી જશે."



વર્ષ ૪, અંક ૬ નવેમ્બર ૨૦૧૧
શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર



## દિલ્હી, ૧૦–૧૩મી ઑક્ટોબર, ૨૦૧૧


૧૦મી ઑક્ટોબરે, હવાઈ યાત્રા દ્વારા માસ્ટર ગૌહાતીથી સાંજે આશરે ૭:૩૦ વાગે દિલ્હી આવી પહોંચ્યા. આશરે ૧૦૦ જેટલા અભ્યાસીઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું. પૂ.માસ્ટર આનંદિત હતા, ખુશમિજાજમાં હતા અને તેમણે હાજર રહેલા સૌનું અભિવાદન કર્યું. એક અભ્યાસી ભાઈના ઘરે, રાત્રી ભોજન બાદ, તેમણે પોતાની સદાબહાર વિનોદવૃત્તિ અને શાણપણ વડે સૌને અત્યંત ખુશ કરી દીધા.

પછીના દિવસે સાંજે ૪:૦૦ વાગે તેઓ ગુરગાંવ આશ્રમ પહોંચ્યા. આગમન સાથે, તેઓ લૉનમાં બેઠા અને ઉપસ્થિત રહેલા સૌની સાથે અર્ધા કલાક કરતા પણ વધારે સમય સુધી વાતચીત કરી. લૉનમાં સ્થાપિત કરેલ મૂર્તિ વિષે પૂછાતા, તેમણે જણાવ્યું કે તે "દ્રોણાચાર્ય"ની મૂર્તિ છે અને તેની અહીં સ્થાપના કરવામાં આવી છે કારણકે "ગુરગાંવ" નામ અસલમાં "ગુરૂ ગ્રામ" ઉપરથી ઉતરી આવ્યું છે. છે. (એવી દંતકથા છે કે "ગુરૂ ગ્રામ" એ દ્રોણાચાર્યનું ગામ છે.) વાતચીત દરમિયાન, તેમણે ભાઈ કમલેશ પટેલની તેમના નિમણૂક કરાયેલા ઉત્તરાધિકારી તરીકે પ્રેમપૂર્વક ઓળખાણ કરાવી અને ત્યાર બાદ સત્સંગ કરાવ્યો.

૧૨મી ઑક્ટોબરે, માસ્ટર ધ્યાન ખંડમાં સત્સંગ કરાવવા સવારે ૭:૦૦ વાગે આવી ગયા. અભ્યાસીઓ હજી આવી રહ્યા હોવાથી તેમણે રાહ જોઈ અને ટૂંકુ પ્રવચન કરવાનો નિર્ણય કર્યો. તેમણે અભ્યાસની સાચી રીતભાત અને વલણ ઉપર ભાર મૂક્યો અને તેમના પ્રવચનનું સમાપન હાજર રહેલા બધાને ભાઈ કમલેશ પટેલની ઓળખાણ કરાવીને કર્યું. સત્સંગ બાદ, તેમણે બે લગ્નો સંપન્ન કર્યા. ૧૩મીની સવારે, માસ્ટર વહેલી સવારે તૈયાર થઈ ગયા. સવારે ૬:૩૦ વાગે જેઓ હાજર હતા, તેમને સત્સંગ કરાવ્યો અને નાસ્તા પછી તરત જ તેઓ ૮ વાગે હવાઈ મથક જવા નીકળી ગયા.

## દુબાઈ

માસ્ટર બપોરે ૧:૧૫ વાગે દુબાઈ આવી પહોંચ્યા અને ૨.૩૦ વાગે ભાઈ સંજય મેહેરીશના ઘરે પહોંચ્યા. તેઓ ખુશમિજાજમાં હતા અને તેમની સાથે દિલ્હીથી કેટલાક અભ્યાસીઓ આવ્યા હતા. દુનિયાભરમાંથી સેંકડો અભ્યાસીઓ જોડાયા અને ૧૪મી સુધીમાં, યુ.એ.ઈ, કુવૈત, ઈરાન, બહેરીન, ઓમાન, પાકિસ્તાન, ભારત, આફ્રિકા, યુરોપ અને યુ.એસ.એ સહિત લગભગ ૨૫ દેશોમાંથી આશરે ૧૦૫૦ અભ્યાસીઓ ત્યાં આવ્યા હતા.




૧૪મીની સવારે માસ્ટરે સત્સંગ સાથે 'પરિવર્તન માટે પ્રાર્થના કરો – પરિવર્તન પામો' વિષય ઉપરના પરિસંવાદનું ઉદ્દઘાટન કર્યું, જેના પછી તેમણે ભાઈ કમલેશ પટેલની ઓળખાણ કરાવી.

૧૫મીની સવારે, સત્સંગ બાદ, તેમણે પ્રશિક્ષકોની બેઠકમાં ગ્લોબલ સર્વીસ ટીમ (જી.એસ. ટી.)ની ઓળખાણ કરાવી. તેમણે સમજાવ્યું કે બાબુજીના સમયકાળ દરમિયાનના ઘણા નાના અને સરળ સંસ્થાકીય માળખામાંથી મિશન હવે વિકાસ પામ્યું છે.

...."આથી હું તમને બધાને ફરીથી કહું છું કે મારી ફરજ દિપકને પ્રજ્જ્વલિત કરવા જેવી છે. તેને પ્રજ્જ્વલિત રાખવા માટે તેમાં તેલ કે જે પણ કાંઈ હોય તે ભરવાનું, તેની દિવેટને કાપવાનું કામ તમારું છે. હું તો પ્રાર્થના કરું છું કે તમે માત્ર આજે જ નહીં પણ ભવિષ્યમાં પણ ૧૦૦ ટકા સહકાર આપશો અને આપણું સેવા ગ્રુપ, જેને ગ્લોબલ સર્વિસ ટીમ કહેવામાં આવે છે, તેઓ અહીં તમારી ઉપર શાસન કરવા માટે નથી, તેઓ અહીં તમને શીખવવા માટે નથી, તેઓ એટલા માટે છે કે જો તમને કોઈ સમસ્યા હોય, તો તે વિશે આપ–લે કરી શકાય. સમસ્યાઓને કેવી રીતે ઉકેલવી, શું કરવું, મારો ભારતમાં શું અનુભવ છે, તમારો ઈરાનમાં શું અનુભવ છે, કોઈનો ટીમ્બકટુમાં શું અનુભવ છે. આથી, તે સંપૂર્ણપણે અહીં આપ–લેની સલવત છે, આપણા કાર્યોની આપ–લે તથા કાર્યોમાંથી ઊભા થતા અનુભવો અને ભવિષ્યમાં દરેક વસ્તુને સુધારવા આપણે શું કરી શકીએ."

પૂ.માસ્ટર ઈરાન અને યુ.એ.ઈ કેંન્દ્રોમાંથી આવેલા અભ્યાસીઓને મળ્યા. તેમની સાથેની વાતચીત દરમિયાન તેમણે કહ્યું, "જરૂરિયાત અને પ્રેમ વચ્ચે મોટો તફાવત છે, મને માસ્ટર જોઈએ છે, શા માટે? હું માસ્ટરને પ્રેમ કરું છું, તેથી આજ્ઞાપાલન કરું છું. આથી સહજ માર્ગમાં તમે જોશો કે આજ્ઞાપાલન, નિયમોમાંથી નથી જેમ કે દસ નિયમો અને તેવી વસ્તુઓ. આજ્ઞાપાલન હૃદયમાંથી આવે છે મનમાંથી નહીં કે ભયમાંથી નહીં, પણ પ્રેમમાંથી આવે છે."

પૂ.માસ્ટર ૨૨મી ઑક્ટોબરે મુંબઈ ગયા અને પછી ત્યાંથી ૨૫મી ઑક્ટોબરે અમદાવાદ જવા નીકળ્યા.

વર્ષ ૪, અંક ૬ નવેમ્બર ૨૦૧૧
શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

# આખા દિવસના કાર્યક્રમો




## વિરુધુનગર, તામિલનાડુ

પ્રાદેશિક કો–ઓર્ડીનેટર ભાઈ એન. પ્રકાશ અને ઝેડ.આઈ.સી ભાઈ ટી. વી. વિશ્વાનાથ રાવે વિરુધુનગરમાં ૨૧મી ઑગસ્ટે ચિન્નાવલ્લીકુલમ આશ્રમની મુલાકાત લીધી. એક દિવસીય કાર્યક્રમમાં વિરુધુનગર, ચિન્નાવલ્લીકુલમ, અરુપુકોટ્ટાઈ, કારિયાપટ્ટી, કોવિપટ્ટી, શ્રીવિલ્લીપુત્તુર, રાજાપલાયમ અને શીવકાશી કેંન્દ્રોમાંથી આવેલા લગભગ પચાસ ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધો.

સવારના સત્સંગ પછી, ભાઈ એન. પ્રકાશે પ્રોત્સાહજનક પ્રવચન કર્યું. ભોજન બાદ, ''અભ્યાસીઓની વધારે સારી ગુણવત્તા'' વિષય ઉપરની ચર્ચામાં ઘણા બધા મુદ્દાઓ બહાર આવ્યા. અભ્યાસીઓએ ભારપૂર્વક જણાવ્યું કે ઘણા બધા પ્રસંગો ઉપર તેમને માસ્ટરની ઉપસ્થિતિ અને માર્ગદર્શનનું મહત્ત્વ સમજાયું છે. આખા દિવસના કાર્યક્રમનું સમાપન સાંજના સત્સંગ સાથે થયું.

## ગૌહાતી

યુવાનોના ખૂબ જ પ્રયત્નો બાદ, ગૌહાતી કેંન્દ્રમાં ૩જી સપ્ટેમ્બરના રોજ પ્રવૃત્તિ સભર દિવસ રહ્યો. સવારના સત્સંગ બાદ, એકોઝ ઈંડીયાના સપ્ટેમ્બર અંકની ઝાંખી દર્શાવતો સ્લાઈડ શો દર્શાવવામાં આવ્યો. ભોજન બાદ નવા અભ્યાસીઓને તેમના સાધના વિશેની શંકાઓનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું. એવું જાણવા મળ્યું કે જૂના અભ્યાસીઓને પણ તેમના દૈનિક અભ્યાસ માટે કેટલાંક સ્પષ્ટીકરણની જરૂર હતી. આ સત્ર જેનું સંચાલન એસ.એમ.એસ.એફ દ્વારા તૈયાર કરાયેલ સ્લાઈડો થકી કરવામાં આવેલું, જે ખૂબ જ વિચારપ્રેરક સત્ર હતું. વિરામ બાદ, વાતાવરણને હળવું બનાવવા, પ્રશ્નોત્તરીનું સત્ર રખાયું હતું, જેમાં બધા અભ્યાસીઓ સામેલ થયા હતા. ત્યાર બાદ, હળવા નાસ્તા પછી, સાંજે ૪ વાગે સાંજનો સત્સંગ કરાવાયો હતો.

## થ્રિસ્સુર

૪થી સપ્ટેમ્બરના રોજ, ઓનમના ઉત્સવની સાથોસાથ, એક દિવસીય કાર્યક્રમનું સંચાલન યોગાશ્રમ, થ્રિસ્સુર ખાતે કરવામાં આવ્યું. માસ્ટરના પ્રવચનો, ''હૃદયની શાશ્વત જ્યોત'' અને ''માનવતાનું ભવિષ્ય બદલો''



ને સંભળાવવામાં આવ્યા હતાં.

સી.આઈ.સી. ભાઈ ટી.પી. નારાયણે અને ભાઈ જયપ્રકાશે અભ્યાસીઓ માટે તે પ્રવચનોનું મલયાલમમાં ભાષાંતર કર્યું. તાજેતરમાં સ્થાપિત, ગ્લોબલ સર્વિસ ટીમ વિષે માહિતી, મિશનની પ્રવૃત્તિઓ, સતખોલ આશ્રમની અને ક્રેસ્ટ રિટ્રીટ કેંન્દ્રોની મુલાકાતની અગત્યતા વિશે માહિતી બધા સાથે આદાન–પ્રદાન કરવામાં આવી. અર્ધા કલાક માટે 'ગોલ્ડન સાયલન્સ' –સુવર્ણ મૌનનું પાલન કરવામાં આવ્યું.



## દેવકોટ્ટાઈ, તામિલનાડુ

તામિલનાડુના વિવિધ કેંન્દ્રો જેવા કે રામનાથપુરમ, પરમકુડી, મનામદુરાઈ અને શિવગંગાઈથી આવેલા લગભગ એક્યાસી અભ્યાસીઓએ દેવકોટ્ટાઈ કેંન્દ્ર ખાતે કાર્યક્રમમાં હાજરી આપી.

કાર્યક્રમની શરૂઆત ઓપન હાઉસથી સવારે ૧૦ વાગે થઈ. ભાઈ મરીઆ સેલ્વારાજે સ્વાગત પ્રવચન કર્યું. લગભગ પંચાવન સ્થાનિક લોકોએ હાજરી આપી અને તેમને મિશનની પ્રવૃત્તિઓની ટૂંકમાં માહિતી આપવામાં આવી. ભાગ લઈ રહેલા કેંન્દ્રોના પ્રશિક્ષકોએ ''માનવ જન્મનો હેતુ'', ''ધર્મ'', ''ગુરુની ભૂમિકા'', ''સાધનાની અગત્યતા'', ''અભ્યાસીની ભૂમિકા'' અને ''સહજમાર્ગ ધ્યાનની જરૂરિયાત'' વિષયો ઉપર વકતવ્યો આપ્યા. સાંજના સત્રમાં અભ્યાસીઓએ તેના અનુભવોનું એકબીજા સાથે આદાન–પ્રદાન કર્યું. કાર્યક્રમનું સમાપન સાંજના સત્સંગથી થયું.



## સેવા થકી વિકાસ, મુંબઈ

મુંબઈના વિવિધ સ્થળોએ સપ્ટેમ્બર અને ઑક્ટોબરના ચાર શનિ–રવિ દરમિયાન સવારના ૧૦ વાગ્યાથી સાંજના ૪.૩૦ વાગ્યા સુધી "સેવા થકી વિકાસ" ઉપર કાર્યશાળાનું સંચાલન કરવામાં આવ્યું. દરેક કાર્યક્રમમાં સરેરાશ વીસ અભ્યાસીઓએ હાજરી આપી, જેનો ઉદ્દેશ્ય, અભ્યાસીઓને પ્રોત્સાહિત કરવાનો, મિશનમાં સ્વયંસેવક કાર્યની વિગતોની આદાન–પ્રદાન કરવાનો, સેવા માટે યોગ્ય વલણનો વિકાસ કરવાનો અને કાર્ય માટે દિશાસૂચનની માહિતી આપવાનો હતો.

૧૧મી સપ્ટેમ્બરના રોજ જલગાંવમાં થયેલ કાર્યક્રમમાં જલગાંવ અને આસપાસના કેંન્દ્રોના ત્રીસ અભ્યાસીઓએ હાજરી આપી. સ્લાઈડ શો અંગ્રેજીમાં હતો જેનું ભાષાંતર હિંદી અને મરાઠીમાં કરવામાં આવ્યું. અભ્યાસીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને કાર્યક્રમનું સમાપન સત્સંગ સાથે કરવામાં આવ્યું.

## આંતરરાષ્ટ્રીય શાંતિદિન, ગુજરાત

૨૧મી સપ્ટેમ્બરના રોજ, આંતરરાષ્ટ્રીય દિનના પ્રસંગે, ગુજરાતમાં ઓગણત્રીસ જગ્યાઓએ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૫૨૫ અભ્યાસીઓ અને ૧૬૦૦ મહેમાનોએ ભાગ લીધો.

જામનગર ખાતે ચાર જગ્યાએ સભા આયોજિત કરવામાં આવી હતી અને ૪૦૦ અભ્યાસીઓ સહિત મહેમાનોએ હાજરી આપી. લગભગ ૨૦૦ અભ્યાસીઓ અને મહેમાનોએ ભાવનગર ખાતેની સભામાં અને લગભગ પચાસ લોકોએ પોરબંદરની સભામાં હાજરી આપી. આ સભા કડીમાં એક શાળામાં આયોજિત કરવામાં આવી હતી, જેમાં ૨૨૫ અભ્યાસીઓ અને મહેમાનોએ ભાગ લીધો. ભુજ કેંન્દ્રમાં અને તે જ રીતે રાજકોટમાં કેંન્દ્રમાં પણ સાઈઠ લોકોએ હાજરી આપી. આમંત્રણ પત્રિકાઓની, બેનરોની, પ્રેઝન્ટેશન લખાણ વગેરેની રૂપરેખા , કાર્યક્રમના પંદર દિવસ અગાઉ તૈયાર કરી દેવામાં આવી હતી. અભ્યાસીના કુટુંબોમાં અને મિત્રોને આમંત્રણો વહેંચવામાં આવ્યા હતા. સંપૂર્ણ શ્રોતાગણના લાભાર્થે, વૈશ્વિક પ્રાર્થના ગુજરાતીમાં બેનર ઉપર દર્શાવવામાં આવી હતી,જે પ્રાર્થનાને યાદ રાખવામાં મદદરૂપ થતી હતી.



## સંકલ્પશક્તિનો ઉપયોગ, મુંબઈ

મુંબઈ ખાતે, ૪થી સપ્ટેમ્બરના રોજ, સંકલ્પશક્તિ ઉપર એક સત્ર આયોજીત કરવામાં આવ્યું, જેમાં પંચાવન અભ્યાસીઓએ ભાગ લીધો હતો. સત્રની શરૂઆત સ્વાગત પ્રવચનથી થઈ અને ત્યાર બાદ માસ્ટર માટે ગીત ગાવામાં આવ્યું અને પરિચય આપવામાં આવ્યો. માસ્ટરના – સંકલ્પ શક્તિ–વિષય ઉપરના વકતવ્યને કાર્યક્રમમાં સમાવવામાં આવ્યું હતું. તે જ વિષય ઉપર સહજ માર્ગમાંથી વાચન સામગ્રી આપવામાં આવી હતી. કાર્યક્રમના સમાપન વખતે અભ્યાસીઓએ દ્રઢનિશ્ચય કર્યો કે તેઓ હવે સાધના વધારે ખંતપૂર્વક કરશે.

## દસ નિયમો ઉપર એકાગ્રતા, ગડગ, ઉત્તર કર્ણાટક

કર્ણાટકમાં હુબલીની પાસે આવેલ ગડગ ખાતે દસ નિયમો ઉપર આયોજિત કરવામાં આવેલા એક દિવસીય કાર્યક્રમમાં ત્રેપન અભ્યાસીઓ હાજર રહ્યા. કાર્યક્રમની શરૂઆત સવારના સત્સંગથી થઈ. આપણા જીવનને દસ નિયમો અનુસાર સંતુલિત રીતે જીવવાના અને ચારિત્ર્ય નિર્માણના મહત્વને ભારપૂર્વક સમજાવવામાં આવ્યું. દરેક નિયમને આપણા ગુરુદેવોના જીવનના ઉદાહરણો આપીને વિગતવાર સમજાવવામાં આવ્યો. ભોજન બાદ બાળકોએ ગીત ગાયું. કેટલીક હસ્તકલાને પ્રદર્શિત કરવામાં આવી. કાર્યક્રમનું સમાપન આભાર પ્રસ્તાવથી કરવામાં આવ્યું.



વર્ષ ૪, અંક ૬ નવેમ્બર ૨૦૧૧
શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર



## રાજસ્થાન – યુવાનો માટે જાગૃતિ કાર્યક્રમ

૪થી સપ્ટેમ્બરના રોજ, જયપુર ખાતે, રાજસ્થાન ક્ષેત્રના યુવાન અભ્યાસીઓ માટે, યુવા જાગૃતિ કાર્યશાળાનું સંચાલન કરવામાં આવ્યું. વિવિધ કેંન્દ્રોમાંથી આવેલા લગભગ ૭૦ અભ્યાસીઓએ ભાગ લીધો. નિમણૂક થયેલ સંકલનકારોએ વિવિધ વિષયો ઉપર રજૂઆત કરી જેમ કે:

- સહજ માર્ગની સાચી સમજ શું છે અને તેને યુવાનો માટે કેવી રીતે વિકસિત કરવી?
- યુવા સંકલનકાર તરીકે તમે તમારા કેંન્દ્રમાં કઈ યુવા પ્રવૃત્તિઓનું આયોજન કરો છો?
- સહજ માર્ગની વેબ સાઈટ ઉપરથી મળતી સામગ્રી
- ક્રેસ્ટ ખડગપુર અને બેંગ્લોર, યુવા પરિસંવાદ ઉપર જાણકારી

આ કાર્યશાળાનો મુખ્ય ઉદ્દેશ્ય, વિવિધ કેંન્દ્રોના યુવાનોને એક સામાન્ય મંચ ઉપર લાવવાનો હતો અને તેમના મંતવ્યોને અભિવ્યક્ત કરવાની અને આદાન પ્રદાન કરવાની તક આપવાનો અને ભાઈચારાની લાગણીનો વિકાસ કરવાનો હતો. કાર્યક્રમ માટે અપનાવેલી પધ્ધતિમાં, કેંન્દ્રોમાં વિવિધ પ્રવૃત્તિઓના અનુભવોના આદાન પ્રદાન, પ્રશ્નોત્તર સત્ર અને સુસંગત વિડીયો દર્શાવવાના મુદ્દા હતા. સાંજના 'જીવનના ક્ષેત્રો' શિર્ષક હેઠળ પ્રવૃત્તિનું સંચાલન કરવામાં આવ્યું જેમાં તેઓ તેમનું જીવનના ચાર ક્ષેત્રો –કુટુંબ, વ્યવસાય, મિશન અને વ્યક્તિગત'' કેવી રીતે જીવવું તે શીખ્યા. પરિસંવાદનું સમાપન સાંજના સત્સંગ સાથે થયું.

ભીલવાડામાં ૯મી ઑક્ટોબરે, ''સહજ માર્ગની સાચી સમજ શું છે અને તેને યુવાનોમાં કેવી રીતે વિકસાવવી?'' વિષય ઉપર બે કલાક માટે યુવા સભા રાખવામાં હતી. જે દસ અભ્યાસીઓ હાજર રહ્યા હતાં, તેમણે વિષય ઉપર તેમના પોતાના મુદ્દાઓ રજૂ કર્યા હતા.

અજમેરમાં, ૨૦–૨૨ ઑગસ્ટ દરમિયાન, યુવા સંકલનકાર ડૉ સનીએ 'સ્વ–રૂપાંતરણ' વિષય ઉપર ત્રણ દિવસની કાર્યશાળાનું આયોજન કર્યું. પ્રશિક્ષક ડૉ. વિકાસે તે આયોજનને ઘરેલું વાતાવરણ આપવામાં સુવિધા કરી આપી. દરેક દિવસની શરૂઆત અને સમાપન સત્સંગ સાથે થતી.

પ્રારંભિક પરિચય બાદ, ''બીજાઓમાં શું ખોટું છે અને મારામાં શું ખોટું છે?'' વિષય ઉપર આત્મનિરીક્ષણના સત્ર થકી સહભાગીઓને સમજાયું કે સમસ્યા ક્યારેય બહાર નથી હોતી, પણ તે દરેકની પોતાની અંદર જ હોય છે. આણે વ્યક્તિએ અગાઉ ક્યારેય નહી સમજેલી ઘણી બધી ખાસિયતોને ખુલ્લી કરી. તેમનું હૃદય ખુલ્લું થયું અને ઉકેલ અંદરથી જ બહાર નીકળવા માડ્યા. રોજનિશી – ડાયરીલેખન ઉપર અને ''ધ્યેય કેવી રીતે પ્રાપ્ત કરવું?'' અને ''આધ્યાત્મિક જીવનની પસંદગી'' વિષયો ઉપરની ચર્ચાના સત્રે, સાધના ઉપર કેંન્દ્રિત થવા ઉપર ભાર મૂકવામાં આવ્યો. આ કાર્યશાળાએ સાથી ભાઈઓ તથા બહેનોને એકબીજાને ઓળખવામાં અને સૌથી વધારે અગત્યપણે – પોતાની જાતને વધારે સારી રીતે ઓળખવામાં મદદ કરી.

## અધ્યાપન કૌશલ્ય વિકાસ કાર્યક્રમ

### તિપ્તુર, કર્ણાટક

૨૪–૨૫ સપ્ટેમ્બર દરમિયાન, તિપ્તુર ખાતે કર્ણાટક દક્ષિણ ક્ષેત્રના ૩૭ અભ્યાસીઓ માટે કન્નડ ભાષામાં ''સ્પંદન: અધ્યાપન કૌશલ્ય વિકાસ કાર્યક્રમ'' વિષય ઉપર બે દિવસ માટેની નિવાસી કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યશાળાનો ઉદ્દેશ્ય, અભ્યાસીઓમાં મિશનના રાજદૂત તરીકે, તત્ત્વજ્ઞાનને અને સહજ માર્ગના અભ્યાસને તીવ્ર રીતે અભિવ્યક્ત કરવા માટે વિકસિત થવા સભાનતા લાવવાનો હતો. ''અસરકારક અભિવ્યક્તિની કળાને વિકસાવવી'', ''આધ્યાત્મિક સાધકોને સહજ માર્ગનો પરિચય કરાવતી વખતે આવરી લેવા જરૂરી મહત્તમ સામગ્રી'', ''અલગ પરિપેક્ષમાં સહજ માર્ગનો પરિચય'', ''અધ્યાપક તરીકે તૈયાર થવા માટે સતત સ્વ–વિકાસની જરૂરિયાત.'' વિષયો ઉપર, સત્રોનું સંચાલન અનુભવી તાલીમ આપનારા શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું. જ્યારે સહભાગીઓ શિક્ષકો તરફથી માહિતી મેળવતા હતા ત્યારે તેની સાથોસાથ તેઓને જૂથોની અંદર અભ્યાસ સત્રોમાંથી પસાર કરવામાં આવતા. થોડા સહભાગીઓએ પૂર્વ નિર્ધારિત વિષયો ઉપર પ્રેઝન્ટેશન રજૂ કર્યા અને સમિતિ તરફથી તેમણે તેમની મજબૂતી અને સુધારણા માટેના અવકાશના ક્ષેત્રો ઉપર પ્રતિસાદ મેળવ્યો. સહભાગીઓને મિશનની અંદર અધ્યાપક તરીકે રહેલી વિવિધ તકોનો પરિચય કરાવાયો અને તેમના પોતપોતાના કેંન્દ્રોમાં, તેમના અધિકારીઓ સાથે ચર્ચા કર્યા બાદ તેમની પ્રવૃત્તિઓનું આયોજન કરવાની સલાહ આપવામાં આવી.

કાર્યશાળાએ સહજ માર્ગને ફેલાવવા માટે આત્મ વિશ્વાસ આપ્યો હોવાથી સહભાગીઓને કાર્યશાળા ઘણી ઉપયોગી જણાઈ. તેઓમાંના ઘણા બધા, માસ્ટરના કાર્યમાં સામેલ થવા, નવા પ્રાપ્ત થયેલ ઉત્સાહ સાથે ઉમંગ સાથે પોતપોતાના કેંન્દ્રમાં પાછા ફર્યા.










## બાળકો માટે કાર્યશાળા, ચેન્નાઈ

૯મી ઑક્ટોબરના રોજ, આઠથી બાર વર્ષની ઉંમરના જૂથના બાળકો માટે હસ્તકલાની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં આશરે નેવું બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. બાળકોએ દિવાળી કાર્ડ, ચિત્રો માટેની ફ્રેઈમ, દિવાલ પડદાઓ, જન્મદિનની ટોપીઓ, રંગીન ચશ્માઓ વગેરે બનાવ્યા, ઘણું કરીને રદ્દી કચરામાંથી. તેમણે ટીશર્ટ ઉપર પ્રેરણાદાયી લખાણો અને સુંદર ચિત્રો દોર્યા. તેમણે થેલીઓ ઉપર સ્વ-કલ્પિત સર્જનાત્મક ચિત્રો દોર્યા અને કુદરતને બચાવવા પોલીથીલીન થેલીઓનો ઉપયોગથી બચવા, સંદેશાની પ્રેરણા આપી. બાળકોને ગમ્મત સાથે મૂલ્યો શીખવાની મઝા આવી.

## નવું કેંન્દ્ર, તામિલનાડુ

૨૮ ઑગસ્ટના રોજ, તિરુપ્પુરની નજીક "કરુમાથમપટ્ટી" ખાતે નવા કેંન્દ્રનું ઉદઘાટન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત સવારના સત્સંગથી કરવામાં આવી. ભાઈ ટી.વી. વિશ્વનાથ રાવે તેમના ઉદઘાટન પ્રવચનમાં તિરુપ્પુર કેંન્દ્રને વિકસાવવા માટેના અભ્યાસીઓના પ્રયત્નોને યાદ કર્યા અને આ કેંન્દ્રના વિકાસ માટે પણ ખંતપૂર્વક કામ કરવાની અને ઘણા બધા કેંન્દ્રોની શરૂઆત કરવા માટે રસ્તો તૈયાર કરવાની અભ્યાસીઓને વિનંતી કરી. એક જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સહજ માર્ગની આગળ પડતી લાક્ષણિકતાઓને વિગતવાર સમજાવવામાં આવી, જેના પરિણામે ઘણા સહભાગીઓએ અભ્યાસ શરૂ કરવા તેમનો રસ અભિવ્યકત કર્યો.

## નવો ધ્યાન ખંડ, નૈનીતાલ, ઉત્તરાખંડ

ધ્યાનખંડની જરૂરિયાતના લાંબા સમયથી જોવાતા સ્વપ્નનું ઉદઘાટન ૪થી સપ્ટેમ્બરે નૈનીતાલ ખાતે થયું. ૧૫૦ અભ્યાસીઓની બેસવાની ક્ષમતા ધરાવતો ખંડ એક અભ્યાસી ભાઈના રહેઠાણની ઉપર છે. પ્રસંગની આગલી સાંજે આખા દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકો દ્વારા ગીતો, કવિતા, ભજનોનું પઠન અને ઉષ્માભર્યું વકતવ્ય સામેલ હતાં. ધ્યાન ખંડના અર્પણે સ્થાનિક રહેવાસી અભ્યાસીઓનો ઉત્સાહ વધારી દીધો.

## ચારિત્ર્ય નિર્માણ, તિરુપ્પુર

૧૪-૧૫ ઑગસ્ટ દરમિયાન, ભાઈ રવિ સુબ્બીઆને યુવા અભ્યાસીઓની ખાસ વિનંતી ઉપર, ચેટ્ટીપલાયમ યોગાશ્રમ ખાતે "ચારિત્ર્ય નિર્માણ" ઉપર કાર્યક્રમનું સંચાલન કર્યું.

૧૪મીના રોજ, રવિવારના સત્સંગ બાદ, કાર્યક્રમની શરૂઆત આત્મ-વિશ્લેષણની કસોટી સાથે કરવામાં આવી. તાલિમાર્થીઓને આત્મ નિરીક્ષણ કરવા માટે મદદરૂપ થવા, વિષય ઉપર તેર સવાલો આપવામાં આવ્યા અને તેમને અત્યાર સુધીમાં તેમના ચારિત્ર્ય નિર્માણ માટે કરેલા પ્રયત્નો લખવાનું જણાવાયું.



વિષય ઉપરના માસ્ટરના અવતરણો અને "વ્હિસ્પર્સ ફ્રોમ બ્રાઈટર વર્લ્ડ"માંથી કેટલાક સુસંગત સંદેશાઓ વહેંચવામાં આવ્યા. આથી સ્પષ્ટ સમજ મળી કે ચારિત્ર્ય એટલે માત્ર પ્રામાણિક અને સત્યવકતા હોવું જ નહીં, પણ સંપૂર્ણ સંતુલિત વ્યક્તિ બનવા માટે, જે અમુક પાયાના સિધ્ધાંતો છે, તેને દરેક પરિસ્થિતિમાં અપનાવવા જોઈએ. આપણું બાહ્ય વ્યકિતત્વ, માસ્ટરે આપેલી આંતરિક સ્થિતિને અનુરૂપ હોવું જોઈએ તેની વિગતવાર સમજણ આપવામાં આવી.


૧૫મીના રોજ, ચારિત્ર્ય નિર્માણના ક્યા સાધનો છે અને કઈ વસ્તુ સંકલ્પ શક્તિમાં નિષ્ફળતા લાવે છે તેના ઉપર ચર્ચા થઈ. પછીનું સત્ર, સ્વ-વિશ્લેષણ ઉપર હતું અને દરેકને પોતાની નકારાત્મક બાજુ અથવા ત્રુટિઓના વિશ્લેષણ કરવાનું ગમ્યું. આ સત્રે માસ્ટરની અપેક્ષાઓ અનુસાર કેવી રીતે બદલાવ લાવવો, તેનો ખ્યાલ આપ્યો. સહભાગીઓએ આનંદ અને આત્મવિશ્વાસ અનુભવ્યો અને તેઓ આ કાર્યક્રમમાંથી જે કાંઈ શીખ્યા, તેનો અમલ કરવા માટે ઉત્સુક હતા.

# પ્રકાશનું કેંન્દ્ર

## મૈસુર આશ્રમ, દક્ષિણ કર્ણાટક





મૈસુર આશ્રમ આસપાસના કેંન્દ્રો જેવા કે નાન્જાગુડ, ટી. નરસિંહ્પુરા, હુન્સુર, માન્ડ્યા, માડીકેરી અને પેરિઆપટના માટેનો પ્રાદેશિક આશ્રમ છે. આ બધા કેંન્દ્રો માટે આઈ.ડી.કાર્ડ –ઓળખપત્રોનું સંકલન, પ્રકાશનોની વહેંચણી જેવી પ્રવૃત્તિઓ મૈસુર કેંન્દ્ર દ્વારા કરવામાં આવે છે. આશ્રમનો ઉપયોગ પ્રાદેશિક સંમેલનો, કાર્યશાળાઓ અને અભ્યાસીઓના તાલિમ કાર્યક્રમો માટે કરવામાં આવે છે.

### પૂ.માસ્ટરની મુલાકાતો

મૈસુર કેન્દ્ર સન ૧૯૫૦ની આસપાસના સમયમાં શરૂ થયું હતું. ૧૯૬૫ના ડિસેમ્બરમાં, પૂ.બાબુજી મહારાજે મૈસુરની મુલાકાત લીધી હતી અને તેઓ શ્રી મંજુનાથ ઐયરના નિવાસસ્થાને રહ્યા હતા. સ્થાપના દિનની ઉજવણીનો ઉત્સવ ગોવિંદ રાવ મેમોરિઅલ હૉલ ખાતે રાખવામાં આવ્યો હતો અને તે માટે પૂ.માસ્ટરે ૧૬મી માર્ચ, ૧૯૮૫ના રોજ મૈસુરની મુલાકાત લીધી હતી. પુન:, ૧૭–૧૮ મે, ૧૯૯૫ દરમયાન, માસ્ટર મૈસુર આવ્યા હતા અને તેમણે મુલાકનાડુ ભવન ખાતે સત્સંગ કરાવ્યો હતો. સન ૨૦૦૨માં મૈદાનાહલ્લી માર્ગ ઉપર (ચેલવલા પાસે) આશરે ૧૬ એકર જમીન ફાળવવામાં આવી હતી, જેમાંથી ૮ એકર જમીન આશ્રમ માટે અને ૮ એકર જમીન અભ્યાસીઓના રહેઠાણ માટે ફાળવવામાં આવી હતી. ૨જી એપ્રિલ, ૨૦૦૨ના રોજ, માસ્ટરે મિશનને જમીન અર્પણ કરી હતી. બીજી વધારાની ૩ એકર અને ૩૨ ગુંઠા જમીન ૨૦૦૫માં ઉપાર્જીત કરવામાં આવી હતી.

ત્યાર બાદ, તરત જ એક હંગામી ધ્યાન ખંડ, રસોડું અને કાર્યાલય કક્ષનું બાંધકામ કરવામાં આવ્યું. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૪ના રોજ, હજાર અભ્યાસીઓની ઉપસ્થિતિમાં તેનું ઉદઘાટન કરતા, માસ્ટરે વરિષ્ઠ અને યુવા પેઢીઓની અગત્યતા ઉપર ભાર મૂકતા જણાવ્યું હતું કે, ‘‘આપણને વરિષ્ઠ લોકોની જરૂર તેમના શાણપણ માટે અને તેમના અનુભવ માટે છે, પણ આપણને યુવાનોની જરૂર તેમની શક્તિ માટે, તેમના આદર્શવાદ માટે અને તેઓ જે ઈચ્છે છે તે કરવાની તેમની ક્ષમતા માટે છે. વરિષ્ઠ લોકો વિચારે છે અને કહે છે; જ્યારે યુવાનોએ કામ કરવું જ જોઈએ.’’

ઑક્ટોબર, ૨૦૦૪માં યુવા સેમિનાર હતો, તે વખતે પૂ.માસ્ટરે મૈસુરની મુલાકાત લીધી હતી. તેમણે યુવાનોને સંબોધતા જણાવ્યું કે, ‘‘જ્યારે બાબુજી આપણને સૌથી પહેલું સીટીંગ આપે છે, ત્યારે તેને તેઓ બીજ નિરૂપણ કહે છે. તેઓ પોતાનું બીજ આપણા હૃદયમાં મૂકે છે. અને તેથી યોગિક અર્થમાં તેને હૃદયયોનિ કહેવાય છે. જો તમે તે બીજને અંકુરિત થવા દેશો, ભક્તિપૂર્વક, શ્રધ્ધાપૂર્વક અને ધ્યાન વડે પાણી રેડશો, તો તે નવજીવનનું સર્જન છે, જ્યાં તમે તમારી અંદર એક નવમાનવ તરીકે પુન:જન્મ પામો છો.’’

ધ્યાન ખંડની પાછળ માસ્ટર કુટિરનું બાંધકામ પછીથી કરવામાં આવ્યું. માસ્ટરે ડિસેમ્બર, ૨૦૦૬માં આશ્રમની થોડા કલાકો માટે ટૂંકી મૂલાકાત લીધી હતી.

### આજનો આશ્રમ

આજે મૈસુર કેંન્દ્રમાં અભ્યાસીઓની સંખ્યા ૫૦૦થી વધારે છે અને રવિવારના સત્સંગની હાજરીની સંખ્યા ૧૫૦ અભ્યાસીઓની છે. ૧૦૦૦ અભ્યાસીઓને સમાવી શકે તેવા ધ્યાન ખંડને બાંધવા માટેની તૈયારીઓ થઈ રહી છે. આશ્રમમાં આશરે ૫૦૦ ફળના વૃક્ષો, જેવા કે, કેરી, પપૈયા, જમરૂખ ઉગાડવામાં આવ્યા છે. શાકભાજીના બાગની અને સુંદર, નૈસર્ગિક સૌંદર્ય ધરાવતા બગીચાની સંભાળ અભ્યાસીઓ દ્વારા રાખવામાં આવે છે.





